Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ

**Dr. Jignesh Makwana**
Assistant Professor
PG Department of Library & Information Science
Sardar Patel University Vallabh Vidyanagar,Dist: Anand Gujarat PIN: 388120
Phone: 02692 226880, Cell: +91 99243 37391

સાર (Abstract) :જીવન એક એવી પ્રક્રિયા છે કે જે સતત આગળ વધવાની પ્રેરણા પૂરી પાડતું રહે છે અને તેનું કારણ છે મનુષ્યની જીજ્ઞાસાવૃત્તિ. જો કે મનુષ્યની જીજ્ઞાસાની પૂર્તિ માટે કોઇ ને કોઇ સંસ્થા અને તેના સંશાધનો મદદરૂપ થતા હોય છે. વર્તમાન સમય માહિતી પ્રધાન સમાજ જીવન ગણાવી શકાય છે કે જેમાં માહિતી અને વિચારોની આપ-લે મનુષ્યો વચ્ચે થતી જ રહે છે અને તેનું કારણ મનુષ્ય એ એક સામાજિક પ્રાણી છે. પરંતુ અર્વાચિન સમય સંજોગોમાં જ્ઞાન અને માહિતીનો વ્યાપ વિશાળ બની ગયો છે કે જેનો એકલા હાથે અભ્યાસ શક્ય નથી અને આથી જ ગ્રંથાલયોનું પ્રદાન ખુબજ વધી ગયું છે. મનુષ્યની સિમિત શક્તિઓને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય દ્વારા જ સમાજનો વિકાસ સાધી શકાય છે. આજે ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રંથાલય સામગ્રીનો વધુને વધુ ઉપયોગ થાય તે રહેલ છે, અને એટલેજ ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિથી જોડાય છે. ઉપયોગકર્તા કે ઉપયોગકર્તા સમુદાયને ગ્રંથાલય અને ગ્રંથાલય સેવા પ્રતિ આકર્ષિત કરવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિ નું બીજું નામ જ ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ.

ચાવીરૂપ શબ્દો : (Keywords) ગ્રંથાલય, સામાજિક પ્રાણી, જીજ્ઞાસાવૃત્તિ, આંતરિક વિસ્તરણ પ્રવૃત્તિઓ, બાહ્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ

પ્રસ્તાવના (Introduction) :પ્રાચીન સમયમાં ગ્રંથાલયોનો ઉદેશ્ય ગ્રંથાલય સામગ્રીનું રક્ષણ કરવાનો રહ્યો છે જો કે આ ઉદ્દેશ્યમાં ધીમે ધીમે પરિવર્તન આવી ગયું અને આજે તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રંથાલય સામગ્રીનો વધુને વધુ ઉપયોગ થાય તે રહેલ છે. ગ્રંથાલયના કર્મચારીઓનું મુખ્ય કાર્ય ગ્રંથાલય ઉપયોગકર્તાને યોગ્ય ગ્રંથાલય સેવા પૂરી પાડવાનું છે.

અહીં મહત્વરૂપ બાબત એ પણ છે કે Modern Library ગ્રંથાલયના ઉપયોગ અર્થે આવતા Users ને માત્ર માહિતી પૂરી પાડે છે તેવું નથી પરંતુ દરેક ક્ષેત્રમાં રોકાયેલ સ્ત્રી, પુરૂષ,

બાળકો, વૃદ્ધો, યુવાનો દરેકને ગ્રંથાલયના Members બનાવી સેવા પુરી પાડે છે કે જેથી તે ગ્રંથાલય પોતાના ક્ષેત્રમાં વધુને વધુ લોકપ્રિય બની શકે. અહી ચોક્કસ રૂપથી કહી શકાય કે ગ્રંથાલય ને સમાજમાં લોકપ્રિય બનાવવાનું એક માત્ર સાધન Extension Activities છે.

ગ્રંથાલય માત્ર Library Services પૂરી પાડવાનું કેન્દ્ર છે એમ ન કહેતા તે Community Center નાં રૂપમાં કાર્ય કરે છે અને એટલેજ ગ્રંથાલયોની જવાબદારી માત્ર શિક્ષિત લોકોને જ Service પૂરી ન પાડતા નિરક્ષર અને ઓછું ભણેલા લોકોને પણ પોતાની તરફ આકર્ષિત કરે છે અને તેઓને પણ શિક્ષિત સમુદાય બનાવે છે.

અર્થ (Meaning) :

Extension Activities એટલે વિસ્તરણ પ્રવૃત્તિ અથવા વધારાની ગ્રંથાલય પ્રવૃત્તિ.

વિસ્તરણ પ્રવૃત્તિનો સામાન્ય અર્થ એવો કરવામાં આવે છે કે ઉપયોગકર્તા કે ઉપયોગકર્તા સમુદાયને ગ્રંથાલય અને ગ્રંથાલય સેવા પ્રતિ આકર્ષિત કરવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિ.

જો કે Library અને Library Services નાં ફલક ને વિસ્તૃત બનાવવાની પ્રક્રિયાઓને પણ Extension Activities કહેવાય છે.

વ્યાખ્યા (Definition) :

Library Extension Activities ને વ્યાખ્યા નાં રૂપમાં રજુ કરવું કેટલાક અંશે મુશ્કેલ છે. સામાજિક સુધારણા અને નવી નવી સેવાઓ – સુવિધાઓ ઉપલબ્ધ બનતી રહે છે, આ સંદર્ભે આજે કરવામાં આવતી કોઈ પણ વ્યાખ્યા કાલ માટે અપૂર્ણ છે એમ સ્વીકારવું જ રહ્યું.

Library Extension Activities માટે જુદા-જુદા નિષ્ણાંતોએ નીચે પ્રમાણે વ્યાખ્યા આપેલ છે.

ડો. એસ. આર. રંગનાથનનાં શબ્દોમાં

"Apart from such methods of pure publicity, libraries are now a days developing certain new types of work which in addition to their being directly educative or recreational, lead also to publicity as an important secondary product" these activities are named as the extension services of library.

ક્રિશ્ન કુમાર નાં શબ્દોમાં

An extension service aims at converting non-readers into readers. It creates and stimulates the desire for good reading. This is done by bringing books and readers together. This results in exploitation and promotion of collection.

મેકોલ્વીલના શબ્દોમાં

To increase the number of readers and the volumes of work and later to make the library more useful to more people.

જો કે મેકોલ્વીલ અન્ય શબ્દમાં જણાવે છે કે

Extension services of the libraries are the ultimate objective to enjoy the benefits of library services.

એલ. એમ. હેરોડના શબ્દોમાં

Librarian's Glossary માં જે સ્પષ્ટ કરવામાં આવેલ છે તે અનુસાર Extension Activities એટલે એવી પ્રવૃત્તિઓ યોજવી કે જેનો હેતુ User Group સુધી પહોંચવાનો હોય કે જેના અભાવ માં તેઓ ગ્રંથાલય પ્રવૃત્તિથી અજાણ રહે.

ઈ.એ. બેકરના શબ્દોમાં

Library Extension Services એટલે નવીન ગ્રંથાલય સેવાઓ ઉભી કરવી તેમજ તેનો વધુને વધુ ઉપયોગ થાય તે જોવું.

ઉદ્દેશ્ય (Objectives) :

Library Services પૂરી પાડવાનો આદર્શ યોગ્ય વાંચક ને યોગ્ય પુસ્તક યોગ્ય સમયમાં મેળવી આપવાનો છે. જે ડો. એસ. આર. રંગનાથનનાં પાંચ સૂત્રોમાં સ્પષ્ટ છે. જ્યારે Library Extension Activities નો પાયાનો ઉદ્દેશ્ય વ્યક્તિ માત્રને વાંચક બનાવવાનો છે, તેમજ એ અહેસાસ કરાવવાનો છે કે સામાજિક સંસ્થા તરીકે ગ્રંથાલય અને ગ્રંથાલય સેવા જે તે ઉપયોગકર્તા ની પ્રાથમિક જરૂરીયાતો પૂરતી કરવા માટે આવશ્યક છે. ઉદ્દેશ્યોને મુદ્દા પ્રમાણે જોઈએ,

- નિરક્ષર ને સાક્ષર બનાવવા
- અવાંચક ને વાંચક બનાવવા.
- વાંચવા અને વંચાવવાની અભિરૂચી જાગૃત કરવી.
- પુસ્તકો અને માહિતી સામગ્રીનો વધુ ને વધુ ઉપયોગ કરવો
- ગ્રંથાલય સેવાઓની જાણકારી આપવી.
- વાંચક પક્ષે જ નહિ ગ્રંથાલય પક્ષે પણ જાગૃતિ લાવવી.
- ગ્રંથાલય વિજ્ઞાનના નિયમોનું પાલન કરવું.

જરૂરીયાત (Need) :

એક સામાન્ય પ્રશ્ન વારંવાર પૂછાતો રહ્યો છે કે શું Library Extension work આવશ્યક છે ? તો જવાબ સ્પષ્ટ જ છે કે હા Library Extension Activities થી ગ્રંથાલય ઉપયોગકર્તા ગ્રંથાલયની કાર્ય પ્રક્રિયાથી જાણકાર થાય છે, તેમજ માહિતી પ્રસાર અને પ્રચાર નાં આધુનિક માધ્યમોના વધારા વચ્ચે જે તે મનુષ્ય ને મનુષ્ય બનાવી રાખવા અને ગ્રંથાલયોને તેનો સક્રીય ભાગ ભજવવા બજાવવા દેવાનો ઉપાય Library Extension Activities જ છે. UNESCO એ પણ તેના ૧૯૪૯ નાં ખતપત્રમાં Library Extension Activities ની જરૂરીયાત સ્પષ્ટ કરેલ છે.

Library Extension Activities ની જરૂરીયાત સ્પષ્ટ કરતા કહી શકાય કે વિકસિત દેશોમાં તે જ્ઞાનવિશ્વને પામવાનો સરળ માર્ગ બતાવે છે, તો અલ્પ વિકસિત દેશોમાં ગ્રંથાલય પ્રવૃત્તિનો વ્યાપ વધારવા આવશ્યક છે.

પૂર્વતૈયારી (Prerequisites for Extension Services) :

ગ્રંથાલયો દ્વારા Extension Services પૂરી પાડવા પૂર્વ તૈયારી રૂપે ચોક્કસ આવશ્યકતા પૂરી થવી જરૂરી છે.

- Extension Activities માટે પુરતા પ્રમાણમાં અને અદ્યતન ગ્રંથ સંગ્રહ હોવો જરૂરી છે.
- અનુભવી અને તાલીમ પામેલ ગ્રંથાલય કર્મચારીગણ ફરજીયાત રૂપે હોવા જરૂરી છે.
- જે તે ગ્રંથાલય પાસે વિવિધ પ્રકારના વિષય સમુદાયનાં લોકો સાથે Meeting ગોઠવી શકાય તે માટે Lecture Hall અને Exhibition Hall હોવો આવશ્યક છે.
- ગ્રંથાલયો પાસે યોગ્ય અને પૂરતાં પ્રમાણમાં Audio-Video Equipment જેમ કે LCD Projector, Slide Projector, Mike Arrangement વગેરે હોવા આવશ્યક છે.
- ગ્રંથાલયનાં Librarian એક સારા આયોજક હોવા જોઈએ કે જે ગ્રંથાલય સંગ્રહથી જાણકાર તેમજ વિવિધ પ્રકારના ઉપયોગકર્તાની વિવિધ જરૂરીયાતથી જાણકાર હોવો જોઈએ.
- Library Extension Activities માં કર્મચારીઓ વચ્ચે સેવાકીય ભાવનાનું તત્વ હોવું જરૂરી છે.

વિસ્તરણ પ્રવૃત્તિના પ્રકાર (Types of Extension Activities) :

ગ્રંથાલયોમાં Extension Activities મુખ્યત્વે બે પ્રકારે પૂરી પાડવામાં આવે છે.

આંતરિક વિસ્તરણ પ્રવૃત્તિઓ (Internal Extension Activities) : ગ્રંથાલયની આ સેવા ગ્રંથાલયની અંદર જ તેના Users, Readers, Members ને પૂરી પાડવામાં આવે છે. આ Internal Extension Programmes માં નીચેની બાબતો નો સમાવેશ થાય છે.

ગ્રંથાલય નો પરિચય : ગ્રંથાલયમાં જે નવા ઉપયોગકર્તા આવે છે તે ગ્રંથાલયના કાર્યો અને સેવાઓથી અજાણ હોય છે. એટલે જ ગ્રંથાલય કર્મચારીઓની જવાબદારી હોય છે કે તેઓને ગ્રંથાલય નાં ઉદ્દેશ્યો, કાર્ય પ્રક્રિયા, સેવાઓ તેમજ ગ્રંથાલય સમય અને સેવા પૂરી પાડવાનો સમય વગેરે જાણકારી આપવી.

ગ્રંથાલયના નીતિ નિયમોની જાણકારી :ગ્રંથાલયોની સફળતાનો આધાર અને યોગ્ય સંચાલન માટે સૈદ્ધાંતિક, મનોવૈજ્ઞાનિક, સરળ, સ્પષ્ટ નિયમો આવશ્યક છે. જેવા કે અવાજ ના કરવો, થેલા થેલી કે બેગ ગ્રંથાલયમાં ન લઇ જવા, પીવાના પાણીની વ્યવસ્થા ક્યાં છે, Washroom ક્યાં છે?, ધુમ્રપાન કરવાની મનાઈ છે વગેરે બાબતોની જાણકારી નીતિ નિયમો દ્વારા આપવાની છે.

વર્ગીકરણ અને સૂચીકરણ પદ્ધતિનો ઉપયોગ : યોગ્ય માહિતી સુધી પહોંચવા ઉપરોક્ત બન્ને ટેકનીકલ બાબતોથી ઉપયોગકર્તા એ જાણકાર બનવું જ રહ્યું. સૂચીકરણની પ્રક્રિયા જે ગ્રંથભંડાર નો અરીસો કહેવાય છે. જેની મદદથી ઉપયોગકર્તાને પુસ્તકો શોધવામાં સરળતા રહે છે. તો આ બાબત થી ઉપયોગકર્તાને જાણકાર બનાવવાના હોય છે.

વાંચન સામગ્રી (પુસ્તકો) અને સંદર્ભ ગ્રંથોની જાણકારી : ગ્રંથાલયમાં વાંચન સામગ્રી કેવા પ્રકારની છે? કયા વિષયના પુસ્તકો ક્યાં રાખેલા છે? કેટલા ક્રમિક પ્રકાશનો છે? તેમજ હસ્તપ્રતો ગ્રંથાલયમાં છે કે નહિ? આ બાબતોની જાણકારી Library tour અથવા Orientation programme દ્વારા પૂરી પાડવી જોઈએ.

બાહ્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ (External Extension Activities) :ગ્રંથાલયની વિસ્તરણ સેવાનો આ બીજો પ્રકાર છે. જે કાર્યક્રમો નું આયોજન ગ્રંથાલયની અંદર ન કરતા ગ્રંથાલયની બહાર જઈને આયોજિત કરવામાં આવે છે, કે જે ક્ષેત્રીય જનતાની વચ્ચે પ્રસારિત કરવામાં આવે છે, તેને External Extension Programme કહેવાય છે. સાચા અર્થમાં આ વિસ્તરણ સેવા જ ગ્રંથાલય પ્રચાર અને પ્રસારનું કાર્ય કરે છે. જેમાં,

શાખા ગ્રંથાલય / અધ્યયન કેન્દ્ર : મુખ્ય ગ્રંથાલય વિવિધ ક્ષેત્રો અને વિસ્તાર પર શાખા ગ્રંથાલય કે અધ્યયન કેન્દ્ર ખોલી શકે છે, જે માત્ર સેવા પૂરી પાડવાના કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. અહીં પુસ્તકો ની ખરિદી અને ટેકનીકલ પ્રક્રિયાનું કાર્ય મુખ્ય ગ્રંથાલયમાં જ કરવામાં આવે છે. જ્યારે થોડા જ ગ્રંથસંગ્રહ સાથે ભાડાના મકાનમાં શાખા ગ્રંથાલય ખોલી શકાય છે, તેમજ તેમાં લોકપ્રિય, સામાન્ય અને મનોરંજનાત્મક સાહિત્ય સંબંધિત પુસ્તકો રાખવામાં આવે છે. શાખા ગ્રંથાલય કે અધ્યયન કેન્દ્ર ખંડ સમયનાં આધારે પણ ખોલી શકાય છે.

ફરતા ગ્રંથાલય :Mobile Library એવા પ્રકારનું ગ્રંથાલય છે કે જે વાહનમાં તૈયાર થાય છે. જે વાહન અઠવાડિયાના નિશ્ચિત દિવસ દરમિયાન નિશ્ચિત સમયે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચી તે વિસ્તારના ઉપયોગકર્તાની સેવા કરે છે. આ ખુબજ પ્રભાવપૂર્ણ, સરળ અને સસ્તી પ્રસાર સેવા છે. જે લોકો શારીરિક રીતે ગ્રંથાલયમાં આવવા શક્તિમાન નથી તેના માટે વિશેષ ઉપયોગી છે. ઈ.સ. ૧૯૦૭ માં અમેરિકામાં વિશ્વનું સૌપ્રથમ ફરતું ગ્રંથાલય ઘોડાગાડીમાં તૈયાર કરવામાં આવેલ. ઈ.સ. ૧૯૨૦ થી મોટરકાર અને ઈ.સ. ૧૯૫૦ થી વિશેષ પ્રકારે ડીઝાઈન કરેલ વાહનનો પ્રયોગ કરવામાં આવેલ છે.

ગ્રંથ સંગ્રહ કેન્દ્ર :Book Deposit Center વિવિધ જગ્યા પર જેમ કે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સ્થાપિત કરી શકાય છે. દરેક કેન્દ્રો પર વાંચન સામગ્રીથી ભરેલા બોક્સ રાખી શકાય છે અને તેનો ચાર્જ શહેર અને ગ્રામ્ય વિસ્તારની નક્કી કરેલ મુખ્ય વ્યક્તિને આપી શકાય છે, આ વાંચન સામગ્રીના બોક્સ કોઈ શાળા કે જે તે વ્યક્તિને ચાર્જ આપેલ કોય તેના ઘરે રાખી શકાય છે.

વાંચન કેન્દ્ર :આ યોજના અંતર્ગત મુખ્ય ગ્રંથાલય કે શાખા ગ્રંથાલયમાં ઉપયોગકર્તા માટે સમાચાર પત્રો, ધાર્મિક ગ્રંથો, મનોરંજનાત્મક સાહિત્ય વગેરે વાંચીને સંભળાવવાની વ્યવસ્થા કરી શકાય છે. ખાસ કરીને સ્ત્રીઓ, વૃદ્ધો, નવસાક્ષર અને અર્ધસાક્ષર લોકો આ કાર્યક્રમ ખુબજ રસપૂર્વક જોડાય છે. જો કે શિક્ષિત લોકોમાં પણ વાંચનની ટેવ વિકસાવવા આ કાર્યક્રમ ઉપયોગી છે.

વાર્તાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમ : આ યોજના અંતર્ગત નિશ્ચિત સમય અને નિશ્ચિત જગ્યાએ વાર્તા સંભળાવી શકાય છે, જે વાર્તાઓ ઉદ્દેશ્યપૂર્ણ, રોચક અને દ્રષ્ટાંત આધારિત હોવી જોઈએ. ખાસ કરીને Foreign Language નાં પ્રખ્યાત નાટકો, વાર્તાઓ, નવલકથાઓ અનુવાદ કરીને સંભળાવી શકાય છે. જેનો હેતુ બાળકો તેમજ અન્ય વ્યક્તિને પણ બોધપાઠ મળે તેવો છે.

વાંચન ગ્રુપ :કોઈપણ એકજ વિષય સાથે સંબંધિત વ્યક્તિઓને એકત્રીત કરીને Reading Circle સ્થાપિત કરી શકાય છે. આ Reading Circle Group ને એકજ સ્થાન પર એકત્રિત કરી Group Discussion કરવાનો Chance આપવો જોઈએ.

પ્રદર્શન : ગ્રંથાલયની બહાર કે જ્યાં લોકોની અવર જવર વધુ હોય તેવા Public Place પર Book Exhibition નું આયોજન કરી શકાય છે કે જેથી જે તે વિસ્તારના વ્યક્તિઓ ગ્રંથ અને

ગ્રંથાલય તરફ આકર્ષિત થઇ શકે. ખાસ કરીને વાર તહેવાર અનુલક્ષીને Exhibition અસરકારક પરિણામ આપે છે. અહી ગ્રંથાલય સામગ્રી જેમ કે Books, Reference Books, Journals, Manuscripts, Microfilms, Charts, Maps, CD-DVD પ્રદર્શિત કરી શકાય છે. જો કે યોગ્ય નીતિનિયમોનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે.

સમીક્ષા (Conslusion) : ગ્રંથાલય વિસ્તરણ કાર્ય કે ગ્રંથાલયની વધારાની પ્રવૃત્તિનું મૂળ શોધવા જોઈએ તો ગ્રેટ બ્રિટન ની ગ્રંથાલય પ્રવૃત્તિનાં ૧૯મી સદીના મધ્ય સમયમાં જોવા મળે છે. જ્યારે ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના ઇતિહાસમાં ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિનો ઉદ્દભવ 6 કે ૭ દાયકા જુનો છે જો કે અગાઉના પ્રમાણો ઉપલબ્ધ નથી. ઈ.સ. ૧૯૫૧માં UNESCO અને Central Government નાં ઉપક્રમે દિલ્હીમાં Delhi Public Library ની સ્થાપના કરવામાં આવેલ તેના Social Education Section દ્વારા Library Extension Service નો લોકોને સ્પર્શ મળેલ.

આમ કહી શકાય કે ગ્રંથાલયની પરંપરાગત સેવાઓમાંથી બહાર આવી વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરતા થાય તે માટે યોજવામાં આવતી યુક્તિ-પ્રયુક્તિ એટલે Library Extension Service.

સંદર્ભ : (References)


- McColvin, Lionel R. (1949). Unesco Public Library manuals: Public Library Extension. Paris: United Nations Educational Scientific and Cultural Organisation.
- Khanna, J. K. (1987). Library and Society. Kurukshetra: Research Publications.
- Sharma, Pandey S. K. (1987). Libraries and Society. New Delhi: Ess Ess Publications.
- Kumar, Krishan (2008). Library organization. New Delhi: Vikas Publishing House Pvt. Ltd.
- Kumar, P.S.G. (2003). Foundations of Library and Information Science. Delhi: B.R. Publishing Corporation.
- Tripathi, S.K.M., Lal, C. and Kumar, K. (2014). Granthalay evam Samaj. New Delhi: Ess Ess Publications.
- Sinh, Rajesh Kumar (2011). Pushtakalay Suchana, Sanchar evam Samaj. New Delhi: University Publication.
- Sinh, Ajit (2012). Granthalayo Ka Itihaash tatha Vikas. Delhi: Aarya Publications.
- Bhaiya, Chhagan (1978). Granthalay Sahakar Ane Sayojan. Ahmedabad: Gurjar Granthratna Karyalay.
- Wikipedia (N.D), Library

Retrieved from http://en.wikipedia.org/wiki/library